આવાસ વિહોણા ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા હળપતિ સમાજના હળપતિ કુટુંબોના આવાસ પુરા પાડવા તેમજ આ સમાજના અગાઉ બનાવેલ અત્યંત જર્જરીત આવાસોને નવેસરથી બનાવવા તદ્‌ઉપરાંત ખાસ કિસ્સામાં ફકત હળપતિ આવાસ યોજના પૂરતી યુનીટ કોસ્ટ ફેરફાર કરવા બાબત

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : બજટ/૧૦૨૦૧૨/૯૨/નીતીવિષયક/લ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૯/૮/૨૦૧૨

વંચાણે લીધું :– ઠરાવ ક્રમાંક : બજટ/૧૦૨૦૧૨/૯૨/નીતિવિષયક/૧૦૧૧૬૮,તા.૨/૪/૨૦૧૨

પ્રસ્તાવના :–

ઉપરોકત વંચાણે લીધેલ તા. ૨-૪-૨૦૧૨ના ઠરાવથી રાજયના હળપતિ સમાજના આવાસ વિહોણા ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા બીપીએલ કુટુંબો માટે આવાસ સહાય પુરી પાડવા તેમજ આ સમાજના વર્ષ ૧૯૮૪ થી ૧૯૯૦ દરમિયાન બનાવવામાં આવેલ, પરંતુ અત્યંત જર્જરીત અવસ્થાના આવાસોને પુનઃ નવેસરથી બનાવવા સારૂં નીતિ વિષયક નિર્ણય લીધેલ. આ સમાજના બાકી રહેતા આવાસ વિહોણા તમામ ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા લાભાર્થી કુટુંબોને આવાસ સહાય પુરી પાડવા તેમજ વર્ષ ૧૯૮૪ થી ૧૯૯૦ દરમિયાન બનાવેલ બાકી રહેતા આ સમાજના લોકોના અત્યંત જર્જરીત બની ગયેલ તમામ મકાનો પુનઃ નવેસરથી બનાવવા સારુ તેમજ પ્રવર્તમાન યુનિટ કોસ્ટમાં ફકત હળપતિ યોજના પુરતુ ફેરફાર કરવાનો રાજય સરકારે નિર્ણય લીધેલ છે. તેના અનુસંધાને રાજયના દક્ષિણ ગુજરાતમાં વસવાટ કરતાં આ સમાજના ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા તેમજ વર્ષ ૧૯૮૪ થી ૧૯૯૦ દરમિયાન બનાવેલ આ સમાજના લોકોના અત્યંત જર્જરીત બની ગયેલ મકાનો પુનઃ નવેસરથી બનાવવા નીચે નિર્દિષ્ટ જીલ્લાઓ સામેના લાભાર્થીઓને હવે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩માં સંબંધિત જીલ્લા વિકાસ અધિકારીશ્રી હેઠળના તંત્ર ધ્વારા આવાસો બાંધવા અંગે કાર્યવાહી હાથ ધરવાની રહે છે.

રાજયના હળપતિ જાતિના આવાસ વિહોણા ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા કુટુંબો તથા ૨૦ વર્ષ પહેલા બનાવેલ અત્યંત જર્જરીત આવાસોને નવેસરથી બનાવવામાં આવનાર લાભાર્થીઓની વિગત નીચે મુજબ છે

| અ.નં. | જીલ્લાનું નામ | તાલુકાની સંખ્યા | ૨૦ વર્ષ પહેલાના જર્જરીત આવસોને બદલે નવા મકાનો અંગે થયેલ સર્વે મુજબના લાભાર્થીઓની સંખ્યા | નવા આવાસો (૧૭ થી ૨૦ ગુણાંકવાળા)સર્વે મુજબના લાભાર્થીઓની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ભરૂચ | ૪ | ૧૦૭ | ૧૫૪ | ૨૬૧ |
| ૨ | નવાસારી | ૫ | ૪૩૧૩ | ૩૦૨૩ | ૭૩૩૬ |
| ૩ | સુરત | ૮ | ૬૦૪૨ | ૧૨૪૩ | ૭૨૮૫ |
| ૪ | તાપી | ૩ | ૨૩૨ | ૪૭૭ | ૭૦૯ |
| ૫ | વડોદરા | ૧ | ૦ | ૧૨૫ | ૧૨૫ |
| ૬ | વલસાડ | ૫ | ૧૫૫ | ૪૪૦ | ૫૯૫ |
| | કુલ | ૨૬ | ૧૦૮૪૯ | ૫૪૬૨ | ૧૬૩૧૧ |

સરકારશ્રીના તા.૧૧/૦૮/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૦૯/૮૧૯/લ થી રાજયના જુદા જુદા વિભાગની આવાસ યોજનાઓ માટે યુનિટ કોસ્ટ નકકી કરવામાં આવી હતી. જેમાં હળપતિ આવાસ યોજનાનો પણ સમાવેશ થાય છે જે નીચે મુજબ છે.

| ક્રમ | યોજનાનું નામ | અમલીકરણ વિભાગ | લાભાર્થી ગૃપ | હાલની યુનિટ કોસ્ટ | અગાઉની યુનિટ કોસ્ટ | સુધારેલ યુનિટ કોસ્ટ (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| ૮ | હળપતિ ગૃહ નિર્માણ યોજના | પંચાયત વિભાગ | હળપતિ જાતી (અનુ.જનજાતી પૈકીના) | ૫૦,૫૦૦ | રાજ્ય ૪૩,૫૦૦<br>+શ્રમફાળો ૭,૦૦૦<br>કુલ રૂ. ૫૦,૫૦૦ | રાજ્ય ૪૫,૦૦૦<br>+શ્રમફાળો ૭,૦૦૦<br>કુલ રૂ. ૫૨,૦૦૦<br>+ટોઈલેટ બ્લોક ૨,૨૦૦<br>+ટોઈલેટ બ્લોક શ્રમફાળો ૩૦૦<br>કુલ યુનિટ કોસ્ટ ૫૪,૫૦૦/- |

રાજયના ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા હળપતિ કુટુંબો તેમજ આ સમાજના ૨૦ વર્ષ પહેલા બનાવેલા અત્યંત જર્જરીત અવસ્થાના આવાસો નવેસરથી બનાવવા માટે તથા તેના અમલીકરણની દિશામાં યુનિટ કોસ્ટની પ્રવર્તમાન નીતીમાં હળપતિ પૂરતા ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પૂખ્ત વિચારણાને અંતે આથી, આ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :–**

૧. હળપતિ સમાજના લાભાર્થી કુટુંબોને આવાસ સુવિધા પુરી પાડવા સારું ખાસ કિસ્સામાં નકકી કરાયેલ યુનિટ કોસ્ટ અંગેની વિગતો..

| ક્રમ | રાજય સરકારનો ફાળો | ટોઈલેટ બ્લોકના | જિલ્લા પંચાયત / તાલુકા પંચાયત / ગ્રામ પંચાયતના સ્વ.ભંડોળમાંથી ફાળો (ત્રણ પૈકી કોઈ એક સંસ્થામાંથી લેવાનો રહેશે.) | ૧. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ<br>૨. એન.આર.આઈ.<br>૩. સહકારી મંડળી / દૂધ મંડળી,<br>૪. રાષ્ટ્રીયકૃત બેંક પાસેથી લોન,<br>૫. ઔદ્યોગિક અને વ્યકિતગત સહાય<br>૬ અન્ય સ્ત્રોત | સુચિત યુનીટ કોસ્ટ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | રૂા.૪૫૦૦૦ – | રૂ.૩૨૦૦/-(હાલ બીપીએલ માટે રૂ. .૩૨૦૦/-નુ ધોરણ છે. | ૧૦૦૦૦/– | રૂા.૧૬૦૬૦ | ૭૪,૨૬૦/– |

મેંગ્લોરી નળીયાના છતની ડીઝાઇન ધરાવતા આ આવાસ યોજનાની ઉપરોકત સુધારેલ કોસ્ટમાં રૂા:૧૬૦૬૦/– ની વ્યવસ્થા સંબંધિત જિલ્લા પંચાયતના પરામર્શ હેઠળ નીચે પૈકી છ સ્ત્રોત પૈકી કોઈ એક સ્ત્રોતમાંથી કરવાની રહેશે.જયારે જીલ્લા પંચાયત/તાલુકા પંચાયત /ગ્રામ પંચાયત પૈકી ત્રણેયમાંથી એક સંસ્થાના સ્વભંડોળમાંથી રૂ. ૧૦,૦૦૦/- નો ફાળો સદર યુનિટ કોસ્ટમાં આપવાનો રહેશે.

(૧) સ્થાનિક સ્વરાજયની સંસ્થા (૨) એન.આર.આઈ. (૩) સહકારી મંડળીઓ/દૂધ મંડળીઓ (૪) રાષ્ટ્રીયકૃત બેંક પાસેથી લોન (૫) ઔદ્યોગિક અને વ્યકિતગત સહાય (૬) અન્ય સ્ત્રોત

૨. હળપતિ સમાજના આવાસ વિહોણા ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા ૫૪૬૨ હળપતિ કુટુંબોના આવાસ ઉકત યુનિટ કોસ્ટ મુજબ બનાવવાના રહેશે.

૩. વર્ષ ૧૯૮૪ થી ૧૯૯૦ દરમ્યાન આ સમાજના બનાવેલ અત્યંત જર્જરિત એવા ૧૦૮૪૯ આવાસોને નવેસરથી ઉકત યુનિટ કોસ્ટ મુજબ પુનઃ બનાવવાના રહેશે.

૪. વિભાગના વંચાણે લીધેલ તા.૨/૦૪/૨૦૧૨ ના ઠરાવની અન્ય શરતો યથાવત લાગુ પાડવાની રહેશે. તથા સદર ઠરાવમાં દર્શાવેલ ૫૦૦૦.૦૦ લાખ ઉપરાંત નીચે દર્શાવેલ ૩૭૭૧.૦૦ લાખ એમ કુલ રૂ. ૮૭૭૧.૦૦ લાખ ચાલુ નાણાકીય વર્ષમાં આ આવાસ યોજના હેઠળ ઉકત યુનિટ કોસ્ટ મુજબ આવાસો બનાવવા સારુ જોગવાઇ કરવામાં આવેલ છે.

૫. આ સમગ્ર યોજનાના અમલીકરણની કામગીરી જીલ્લા વિકાસ અધિકારીશ્રી અને તે હેઠળના સમગ્ર તંત્રએ કરવાની રહેશે. મોનીટરીંગની સમગ્ર જવાબદારી વિકાસ કમિશનરશ્રીની કચેરીની રહેશે.ઉપરોકત મંજૂરી પ્રવર્તમાન રૂા.૪૫૦૦૦/- પ્રતિ યુનિટ કોસ્ટના આધારે ૮૩૮૦ આવાસો માટે ચાલુ નાણાંકીય વર્ષમાં ૩૭૭૧.૦૦ લાખની વધારાની જરૂરિયાત વર્ષ ૨૦૧૨-૧૩ ના બજેટના સુધારેલ અંદાજોમાં રજુ કરી મેળવવાનું રહેશે.

૬. ઉપરોકત સુધારેલી યુનિટ કોસ્ટ ફકત હળપતિ આવાસો પુરતી ખાસ કિસ્સામાં આપવામાં આવે છે. હળપતિ આવાસો સિવાય રાજ્યની અન્ય આવાસ માટેની યુનિટ કોસ્ટ વિભાગના તા.૧૧/૮/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૯/૮૧૯/લ અનુસાર યથાવત રહે છે.

૭. આ યોજના માંગણી ક્રમાંક : ૯૬, મુખ્ય સદર-૨૨૧૬ પેટા મુખ્ય સદરઃ03, ગૌણસદરઃ૭૯૬, પેટા સદરઃ૧૯, હેઠળ આવાસન સદરે સુધારેલા અંદાજો રજુ કરીને ચાલુ વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજોમાંથી મેળવવાનો રહેશે.

આ આદેશો આ વિભાગની સમાનાંકી ફાઈલ ઉપર તા.૧૬/૭/૨૦૧૨ ના રોજ નાણાં વિભાગની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(આઈ.એમ.શેખ)
**નાયબ સચિવ**
**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રી, રા.ક.મંત્રીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- કમિશ્નર વ સચિવશ્રી, ગ્રામ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લાના કાર્યપાલક ઈજનેરશ્રી (પંચાયત)
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજુરો અને હળપતિ ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર.
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ